જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૧૧/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## બોડકદેવ પો.સ્ટે. વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલતા કોલ સેન્ટરને પકડી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા ગેરકાયદેસર રીતે ચાલતી પ્રવૃતિઓ અટકાવવા સારૂ સુચના આપેલ, જે આધારે અમો એમ.સી.ચૌધરી પોલીસ ઈન્સપેકટર પી.સી.બી. ને મળેલ બાતમી હકીકત આધારે આજરોજ રાત્રે સ્ટાફના પો.સબ.ઈન્સ. શ્રી બી.આર.ક્રિશ્રીયન, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો. સુખદેવસિંહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો. મનહરસિહ નહારસિહ બ.ન.૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો. મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, તથા અન્ય સ્ટાફના માણસોએ બોડકદેવ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ હેબતપુર સોલા રોડ થલતેજ ખાતે આવેલ કલે વોલ્સ બિલ્ડીંગ ના ચોથા માળે આવેલ ઓફિસ નંબર ૪૦૬ આદિ ઈન્ફો. સર્વીસ નામની ઓફિસ ખાતે પંચો સાથે રેઈડ કરી આરોપીઓ નામે પ્રશાંત નટવરલાલ શર્મા ઉ.વ.૩૭ રહેવાસી-૨૯, સાકાર કન્ટ્રી શાંતી એશિયાટિક સ્કુલ, એપલવુડ, એસ.પી.રિંગ રોડ, સોલા, અમદાવાદ તથા ઉજવલ @ સ્ટીવ મુકેશભાઈ સોમાભાઈ શાહ ઉ.વ.૩૨ રહે. ગોપાલકુંજ સોસાયટી, ડિવાઈન સ્કુલની બાજુમાં, મણીનગર, અમદાવાદ નાઓએ પોતાના અંગત ફાયદા સારુ ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવતા કોમ્પુટર સિસ્ટમ તેમજ અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૯૦,૧૯૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેઓ તથા અન્યો વિરુધ્ધમાં બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૧૨૦(બી) તથા આઈ.ટી.એકટ ૬૬(ડી),૮૪(સી) મુજબ ગુનો મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓએ પોતાના અંગત ફાયદા સારુ અમેરિકાના નાગરિકોને કોલ કરી તેઓને વિશ્વાસમાં લઈ તે નાગરિકો ને સરળતાથી મેડિકલ કોમ્પનસેશન આપવા લલચાવી તેમનો વિશ્વાસ સંપાદન કરી તે માટે પુનાની કંપની સાથે કાવતરુ રચી અમેરિકન નાગરિકોને ૫૦,૦૦૦/- ડોલર સુધીની સહાય CLASS ACTION LOW SUIT DEPARTMENT માંથી આપવામા આવશે તેવી લોભામણી જાહેરાતો આપી નાગરિકો પાસે થી મેડિકલ કોમ્પનસેશન માટે ૫૦,૦૦૦/- ડોલરના ૧૦% થી ૨૦% રકમ પ્રોસેસિંગ ફી તરીકે ડોલરમાં મેળવી અમેરિકન નાગરિકો પાસે વિશ્વાસઘાત છેતરપિંડી આચરતા હતા.

**પકડાયેલ આરોપીઓ :** (૧) પ્રશાંત નટવરલાલ શર્મા ઉ.વ.૩૭ રહેવાસી-૨૯, સાકાર કન્ટ્રી શાંતી એશિયાટિક સ્કુલ, એપલવુડ, એસ.પી.રિંગ રોડ, સોલા, અમદાવાદ (૨) ઉજ્વલ @ સ્ટીવ મુકેશભાઈ સોમાભાઈ શાહ ઉ.વ.૩૨ રહે. ગોપાલકુંજ સોસાયટી, ડિવાઈન સ્કુલની બાજુમાં, મણીનગર, અમદાવાદ

**નહી પકડાયેલ આરોપીઓ :** (૧) આદેશસિંગ પ્રબોદસિંગ તોમર રહે.૬૦/૬૧, દયાલ પાર્ક, વિક્રમ પાર્ક પાસે, બજરંગ આશ્રમ પાસે, ઠક્કરબાપાનગર અમદાવાદ (૨) ઉમર માર્કેટિંગ સોલ્યુશન પ્રા.લી. કંપનીના મેનેજર એતેશ્યામખાન રહે.પુના તથા તપાસમાં મળી આવે તે

**પકડાયેલ મુદામાલ:** (૧) ૧૦ કોમ્પ્યુટર સિસ્ટમ (મોનીટર,કી બોર્ડ, માઉસ, સીપીયુ, હેડફોન) કિ.રુ.૨,૫૦,૦૦૦/ (૨) ૧ લેપટોપ કિ.રુ.૨૦,૦૦૦/ (૩) મોબાઈલફોન નંગ ૦૪ કિ.રુ.૫૦,૦૦૦/- (૪) પાર્ટનરશિપ ડીડની નકલ કિ.રુ.૦૦ (૫) લાલ કલરનો ચોપડો કિ.રુ.૦૦ (૬) હાજરી રજીસ્ટરનો ચોપડો કિ.રુ.૦૦ (૭) ૧ એકટીવા કિ.રુ.૭૦,૦૦૦/ (૮) રોકડા નાણા ૧૯૦ મળી કુલ્લે રુપિયા ૩,૯૦,૧૯૦/- નો મુદામાલ

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૯૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ અને ૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૯૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૯૦૪/૨૦૨૩

**સરખેજ:** વિજયભાઇ સ/ઓ દિનુભાઇ ઠાકોર (રહે.ઝાલા પગીનો વાસ મકરબા ગામ સરખેજ) એ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૩ કલાક ૧/૦૦ થી ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૬૪,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તાપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.ગોહીલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** યુસુફભાઇ અબ્દુલભાઇ થરાદવાલા (રહે. આરીફ રેસીડેન્સી શક્તિ સોસાયટી ગેટ નંબર-૨ દાણીલીમડા) એ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**વેજલપુરઃ** અમીરખાન રમણખાન પઠાણ (ઉ.વ.૩૫) (રહે. અનસપાર્ક જુની ભાઠા સ્કુલ સામેની ગલીમાં કાઝી મસ્જીદ રોડ ફતેવાડી) એ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૩ થી તા.૧૬/૧૧/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૯૫,૫૦૦/- તથા રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૯૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાજવી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૫/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** રાયસિંગ સ/ઓ દીલીપભાઇ જાદવ (ઉ.વ.૨૮) (રહે. સીલ્વર પર્લ ફ્લેટ સામે સેક્ટર-૩ ચાણક્યપુરી) એ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૩ રાતના ૧૨/૩૦ થી સવારના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંકના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચીજવસ્તુ તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૬/૨૦૨૩</u>**

**ચાંદખેડાઃ** પિનાબહેન વા/ઓ ચેતનકુમાર શાહ (ઉ.વ.૫૦) (રહે. નિર્મલકલા સોસાયટી મોટેરા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી તા.૨૩/૧૧/૨૦૨૩ કલાક ૯/૫૪ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**બાપુનગરઃ** અનિતાબહેન વા/ઓ પ્રેમભાઇ જયસ્વાલ (ઉ.વ.૪૫)(રહે.વાડીલાલપાર્ક સોસાયટી સ્ટાર હોસ્પીટલ સામે, એલ.બી.શાસ્ત્રી રોડ, બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાજપુરોહીત ચલાવે છે.

**રામોલઃ** જશવંતભાઇ અમૃતભાઇ ખાંટ (ઉ.વ.૩૦) (રહે.આર.એ.એફ.કવાટર્સ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૩/૧૧/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી